અનુસૂચિત જાતિ, જનજાતિ અત્યાચાર નિવારણ ધારો -૧૯૮૯ ના અસરકારક અમલ માટે જિલ્લા, તાલુકા તથા શહેરી (મ્યુ.કો. વિસ્તાર માટે) તકેદારી સમિતિની રચના બાબત.

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ વિભાગ.
ઠરાવ ક્રમાંક. ઙસલ/૧૩૮૯/૫૦૧/ઙ.સેલ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ.૨૫/૪/૯૦

વચાણે લીધા :-

(૧) મજુર, સમાજ કલ્યાણ અને શિક્ષણ વિભાગનો તારીખ. ૨૮/૭/૭૬નો પરિપત્ર ક્રમાંક. એમબીસી/૧૦૭૬/૬૨૧૫૬/જ.

(૨) મજુર, સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તારીખ. ૨૧/૨/૭૭ નો ઠરાવ ક્રમાંક. એસસીડબલ્યુ/૧૦૭૭/૫૫૮૦/જ.

(૩) નિયામકશ્રી, સમાજ કલ્યાણનો તારીખ. ૩/૨/૯૦ નો પત્રાંક. સક/સેલ/૧/ન.સ/૩૬૫.

ઠ રા વ :-

અનુસૂચિત જાતિ, જનજાતિ અત્યાચાર નિવારણ ધારો, ૧૯૮૯ તા. ૩૦/૧/૯૦ થી અમલમાં આવેલ છે. આ ધારાના સેકશન -૨૧, (૨) (V) અન્વયે આ ધારાના અસરકારક અમલ માટે રાજ્ય સરકારે વિવિધ કક્ષાની સમિતિઓની રચના કરવાની રહે છે. આથી જિલ્લા, તાલુકા તથા શહેરી (મ્યુ.કો. વિસ્તાર માટે) તકેદારી સમિતિની રચના નીચે મુજબ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

(અ) જિલ્લા તકેદારી સમિતિ

૧. કલેકટરશ્રી — અધ્યક્ષ
૨. પ્રમુખશ્રી, જિ. પંચાયત — સભ્ય
૩. પ્રમુખશ્રી, જિ. સામાજીક ન્યાય સમિતિ — "

| | |
|---|---|
| ૪. જિલ્લા વિકાસ અધિકારીશ્રી | સભ્ય |
| ૫. જિલ્લા પોલીસ અધિકારીશ્રી | '' |
| ૬. જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી | સભ્યસચિવ |
| ૭. સમાજ કલ્યાણ અધિકારી જિ. પં | સભ્ય |
| ૮. જિલ્લા સિવિલ સર્જનશ્રી | સભ્ય |
| ૯. જિલ્લા સરકારી વકીલ અને પબ્લીક પ્રોસીકયુટર | '' |
| ૧૦. નવા અધિનિયમ હેઠળ નીમાયેલ ખાસ પબ્લીક પ્રોસીકયુટરશ્રી | '' |
| ૧૧. જિલ્લામાં વસતા અનુ.જાતિ તથા અનુ. જનજાતિનાવકીલાતનો વ્યવસાય કરનાર વકીલ. | '' |
| ૧૨. પાંચ અનુ.જાતિના કાર્યકર્તાઓમાંથી અને અનુ.જાતિના ઉત્કર્ષનું કાર્ય કરતી સ્વૈચ્છિક સંસ્થાના હોદેદારોમાંથી (શકય હોય ત્યાં ભંગી જાતિના એક સભ્યને લેવાનું રાખવું.) | '' |
| ૧૩. પાંચ અનુ.આદિજાતિના કાર્યકર્તાઓમાંથી અને અનુ. જનજાતિનું ઉત્કર્ષનું કાર્ય કરતી સ્વૈચ્છિક સંસ્થાના હોદેદારોમાંથી. | '' |
| ૧૩. જિલ્લામાંથી ચૂંટાયેલ અનુ.જાતિ " તથા અનુ. જનજાતિના તમામ ધારાસભ્યશ્રી સંસદ સભ્યશ્રીઓ. | '' |
| ૧૪. એક મહિલા સામાજિક કાર્યકર્તા | સભ્ય |

(બ) તાલુકા તકેદારી સમિતિ :-

| | |
|---|---|
| ૧. મામલતદારશ્રી | અધ્યક્ષ |
| ૨. પ્રમુખશ્રી, તાલુકા પંચાયત | સભ્ય |
| 3. તાલુકા સામાજીક ન્યાય સમિતિના અધ્યક્ષશ્રી. | '' |
| ૪. તાલુકા પંચાયતના સા.ન્યાય સમિતિના | '' |

| | | |
|---|---|---|
| | તમામ સભ્યો અથવા જે તાલુકા પંચાયતની સામાજીક ન્યાય સમિતિમાં અનુ.જાતિના સભ્યો ન હોય તેવા તાલુકામાં કલેકટરશ્રી દ્વારા નીમવામાં આવે તેવા અનુસૂચિત જાતિના બે સભ્યો. | સભ્ય |
| ૫. | તાલુકા વિકાસ અધિકારીશ્રી | " |
| ૬. | પોલીસ પ્રોસીકયુટર | " |
| ૭. | પોલીસ સબ ઈન્સ્પેકટર | " |
| ૮. | અનુ.જનજાતિના અગ્રગણ્ય વકીલ | " |
| ૯. | અનુ.જાતિના અગ્રગણ્ય વકીલ | " |
| ૧૦. | સમાજ કલ્યાણ નિરીક્ષક-મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીશ્રી (ટ્રાયબલ તાલુકા માટે) | સભ્ય સચિવ. |
| ૧૧. | એક મહિલા સામાજિક કાર્યકર | સભ્ય |

(ક) શહેરી તકેદારી સમિતિ

| | | |
|---|---|---|
| ૧. | પોલીસ કમિશ્નરશ્રી | અધ્યક્ષશ્રી |
| ૨. | મ્યુનિસિપલ કમિશ્નરશ્રી | સભ્ય |
| ૩. | અનુ.જાતિના તમામ મ્યુનિ. કોર્પોરેટર | " |
| ૪. | અનુ.જનજાતિના તમામ મ્યુનિ. કોર્પોરેટર | " |
| ૫. | અનુ.જાતિના અગ્રગણ્ય વકીલ | " |
| ૬. | અનુ.જનજાતિના અગ્રગણ્ય વકીલ | " |
| ૭. | ચીફ મેટ્રોપોલીટન કોર્ટના સરકારી વકીલ અને પબ્લીક પ્રોસીકયુટર | " |
| ૮. | નવા અધિનિયમ હેઠળ નિમાનાર ખાસ પબ્લીક પ્રોસીકયુટર | " |
| ૯. | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી | સભ્ય-સચિવ |
| ૧૦. | એક મહિલા સામાજિક કાર્યકર | સભ્ય |

(૨) ઉપરોકત સમિતિઓનુ કાર્યક્ષેત્ર નીચે મુજબ નિયત કરવામાં આવે છે.

૧. નાગરિક હકક સંરક્ષણ અધિનિયમ -૧૯૫૫નો અસરકારક અમલ થાય તે રીતે દેખરેખ અને નિરીક્ષણ રાખવું.

૨. અનુ. જાતિ અને અનુ. જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ -૧૯૮૯ ને અસરકારક અમલ થાય તે રીતે દેખરેખ અને નિરીક્ષણ રાખવું.

૩. ઉપર્યુકત બંને અધિનિયમ હેઠળ નોંધાયેલ કેસોની સમીક્ષા કરીને આવા કેસોની ટ્રાયલો ઝડપી બને તથા ગુનેગારોને પુરતી સજા મળે તે માટે પ્રત્યેક કેસોની સમીક્ષા કરવી.

૪. ઉપર્યુકત બંને અધિનિયમ હેઠળ કેન્દ્ર તથા રાજ્ય સરકારે કરેલ યોજનાઓનો વ્યાપક અને સુદૃઢ અમલ થાય તે માટે પગલાં લેવા.

૫. ન્યાયની અદાલતોમાં દાખલ કરેલા કેસોના પરિણામોનું તથા નાગરીક હકક સંરક્ષણ અધિનિયમ-૧૯૫૫ તથા અનુ. જાતિ અને અનુ. જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ ૧૯૮૯ ના અમલની આડે આવતી મુશ્કેલીઓનું ઉંડાણથી પુનઃ અવલોકન કરવું.

૬. તાલુકા સમિતિઓ તથા જિલ્લા સામાજિક ન્યાય સમિતિઓએ આ બંને કાયદાના અસરકારક અમલ માટે કરેલ ભલામણોને ધ્યાનમાં લઇ યોગ્ય કાર્યવાહી કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

રવાના ક્રમ
તા. 26 APR 1990

(સી. કે. રાઓલ)
ઉપ સચિવ
સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,

નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, જુના સચિવાલય, ગાંધીનગર.

સર્વે કલેકટરશ્રીઓ.

[સર્વે મામલતદારશ્રીઓને પરિપત્રિત કરવા વિનંતી છે.]

સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.

તકેદારી અધિકારીશ્રીઓ (અમદાવાદ, વડોદરા, રાજકોટ)

માનનીય મંત્રીશ્રી (સ.ક) ના અંગત સચિવ, સચિવાલય, ગાંધીનગર.

સીલેકટ ફાઇલ.